GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# ભારતીય જ્ઞાન પ્રણાલીની તત્વ જ્ઞાન/વિચાર અને પ્રયોગ ના વિશિષ્ટ સંદર્ભમાં પદ્ધતિસરની સમીક્ષા

## ડૉ. ભાવેશ એ. પ્રભાકર

સ્વતંત્ર સંશોધનકાર
પીએચ.ડી. એસ.ડી. સ્કૂલ ઓફ કોમર્સ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ 380009, ગુજરાત, ભારત.

### *અમૂર્ત*

*ભારતીય જ્ઞાન પ્રણાલી ફક્ત શિક્ષણ ને જ નહિ પરતું મનુષ્યના સમગ્ર જીવનને, સમગ્ર સૃષ્ટિને, સમગ્ર બ્રહ્માંડને એક સમગ્ર દ્રષ્ટિકોણથી જુવે છે. ભારતીય જ્ઞાન પ્રણાલીને મુખત્વે બે ભાગમાં વહેચવામાં આવે છે: તત્વ જ્ઞાન/વિચાર અને પ્રયોગ. દૈનિક જીવનમાં ઉપ્રયોગ માં આવતા દરેક પ્રકારના કૌશલ્યને કલા કહેવાય છે આ કલાનો ઉપ્રયોગ કરીને અને તત્વજ્ઞાનના વિચારોને મનમાં રાખીને આપણા જીવનનો વિકાસ કરવાનો, સમૃદ્ધ બનાવવાનો, સોચ વધારવાનો, આદર્શ વધારવાનું, જીવનનો ઉદ્દેશ વધારવાનો અને પૂર્ણ તરીકે થી જીવનનો આનંદ લેવાનો એ ભારતીય જ્ઞાનપરાલીનો મુખ્ય ઉદ્દેશ છે. ભારતીય જ્ઞાન પ્રણાલી નો અર્થ ફક્ત આધ્યાત્મિક જ્ઞાન, વૈદિક જ્ઞાન, પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજી નો અભ્યાસ નથી પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં ભારતીય જ્ઞાન પ્રણાલી જે રીતે મોજુદ હતી અને જે રીતે તેનો પ્રયોગ કરવામાં આવતો હતો તેનો અભ્યાસ છે.*

***કીવર્ડ્સ:*** *ભારતીય જ્ઞાન પ્રણાલી, સમગ્ર દ્રષ્ટિકોણ, તત્વ જ્ઞાન/વિચાર અને પ્રયોગ, જીવનનો વિકાસ કરવાનો*

## ૧. પરિચય

**अयं निजः परो वेति गणना लघुचेतसाम्। उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्**

આ આપણી પોતાની છે કે બીજા કોઈને આ પ્રકારની વિચારસરણી સંકુચિત માનસિકતા વાળાઓ કરે છે પરંતુ વિશાળ હૃદય વાળા લોકો માટે આખી પૃથ્વી પરિવાર છે.આવા ઉચ વિચાર ભારતીય જ્ઞાન પ્રણાલીમાં જોવા મલે છે.


ભારતીય જ્ઞાન પ્રણાલી ફક્ત શિક્ષણ ને જ નહિ પરતું મનુષ્યના સમગ્ર જીવનને, સમગ્ર સૃષ્ટિને, સમગ્ર બ્રહ્માંડને એક સમગ્ર દ્રષ્ટિકોણથી જુએ છે. આ એક સસ્ટેનેબલ અભિગમ છે, જેમાં દરેક ક્ષેત્રનો અને દરેક વસ્તુનો વિચાર કરવામાં આવ્યો છે. આ બધામાં સંતુલન બન્યું રહે અને આ સંતુલનના આધારે બધાનું જીવન વ્યતીત થાય, બધાને આનંદ મળે અને બધાનો વિકાસ થાય એવો વિચાર ભારતીય જ્ઞાન પ્રણાલીમાં કરવામાં આવ્યો છે.

## ૨. ભારતીય જ્ઞાન પ્રણાલીનું વર્ગીકરણ


ભારતીય જ્ઞાન પ્રણાલીને મુખત્વે બે ભાગમાં વહેચવામાં આવે છે.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.




વિદ્યા શબ્દ સંસ્કૃત ધાતુ "विद्" માંથી ઉત્પન્ન થયો છે, જેનો અર્થ "જાણવું/to know" એવો થાય છે.




આ બધાને સયુંકત રીતે વિદ્યા કે દર્શનશાસ્ત્ર કહેવાય છે.

૨.૧. વેદ: વેદ શબ્દનો અર્થ થાય છે જ્ઞાન.

(૧) ઋગ્વેદ: વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ છે અને તેની રચના લગભગ ઈ.સ.પૂર્વે ૧૫૦૦ માં થયેલ હોય તેવું માનવામાં આવે છે. તેના સંકલન કર્તા મહર્ષિ કૃષ્ણ દ્વૈપાયન (વેદવ્યાસ) છે. તેમાં કુલ ૧૦ મંડલો અને ૧૦૨૮ મંત્ર છે.

https://www.gapbhasha.org/

GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

(૨) યજુર્વેદ: યજુર્વેદમાં યજ્ઞ થી સંબંધિત વિધિ અને યજ્ઞો કર્મોમાં ઉપ્રયોગ કરવામાં આવતા વિવિધ મંત્રોનું વિસ્તૃત વર્ણન છે. યજ્ઞ સિવાય તત્વજ્ઞાનનું વર્ણન છે જેમાં બ્રહ્માંડ, આત્મા, ઈશ્વર અને પદાર્થનું જ્ઞાન આપેલ છે.

(૩) સામવેદ: 'સામ' શબ્દનો અર્થ મધુર સંગીત થાય છે તેને ભારતીય સંગીતની ગંગોત્રી કહેવાય છે. આમાંથી જ સાત સ્વર સા રે ગા મા ની માહિતી મળે છે.

(૪) અથર્વવેદ: અથર્વવેદમાં રોગનો નાશ કરવાનો, ધન મેળવવાનો, ચમત્કારિક શક્તિઓ મેળવવાનો વગેરેનો ઉલ્લેખ છે.

**૨.૨. વેદાંગ:** વેદાંગને શ્રુતિ પણ કહેવાય છે. ઓછામાં ઓછા શબ્દોમાં વિચાર વ્યક્ત કરતા ગ્રંથોને વેદાંગ કહે છે.

(૧) શિક્ષણ: શીખવું, શીખવાડવું, અધ્યયન અને અધ્યાપનનો સમાવેશ થાય છે.

(૨) વ્યાકરણ: ભાષામાં શબ્દોનો ઉપ્રયોગ કેવી રીતે થાય છે તે બતાવતું શાસ્ત્ર છે.

(૩) નિરુંકત: વેદોમાં વર્ણન કરેલા કઠિન શબ્દોને સમજવા ઉપયોગી છે.

(૪) છંદ: શબ્દોને કાવ્યત્મક સ્વરૂપ માંથી ગીત સ્વરૂપમાં ફેરવવા મદદરૂપ બને છે.

(૫) કલ્પ: ધાર્મિક વિધિ-વિધાન અને કર્મકાંડોને દર્શાવે છે.

(૬) જ્યોતિષ: ગ્રહની ગતિ ભવિષ્ય અને સમયચક્રને સમજાવતી વિધિ છે.

**૨.૩. ઉપવેદ:** ઉત્તર વૈદિક કાળમાં વેદના ભાગરૂપે લખાયેલા ગ્રંથને ઉપવેદ કહે છે.

(૧) આયુર્વેદ: આયુર્વેદ અથવા આયુર્વેદિક ચિકિત્સા ભારતની પરંપારિક ચિકિત્સા પદ્ધતિ છે.

આયુર્વેદ = આયુષ + વેદ = જીવનનું વિજ્ઞાન કહી શકાય.


(૨) ધનુર્વેદ: ધનુર્વેદ શબ્દની ઉત્પત્તિ ધનુષ (ધનુષ્ય) અને જ્ઞાન (વેદ) આ બંને શબ્દોમાંથી થઈ છે જેનો અર્થ ધનુર વિજ્ઞાનનું જ્ઞાન એમ થાય છે.

(૩) ગંધર્વ-વેદ: આ પ્રદર્શન કલાઓ પર આધારિત પ્રાચીન ભારતીય ગ્રંથ છે જેમાં રંગમંચ નૃત્ય અને સંગીત કલાઓનો સમાવેશ કરવામાં આવે છે.

(૪) શિલ્પ વેદ/સ્થાપત્ય વેદ: આ વેદની રચના વિશ્વકર્માજીએ કરેલી છે આ ઉપવેદ મકાન અથવા અન્ય સ્થાપત્યોના નિર્માણથી સંબંધિત જ્ઞાનનો વિસ્તૃત સંગ્રહ છે.

**૨.૪. ૬૪ કલા**

દૈનિક જીવનમાં ઉપ્રયોગ માં આવતા દરેક પ્રકારના કૌશલ્યને કલા કહેવાય છે.



Source: https://harshad30.files.wordpress.com/2015/09/capturekala.jpg

https://www.gapbhasha.org/

| ૬૪ કલા | | | |
|---|---|---|---|
| ગીત ગાવું. | નેપથ્યયોગ =દેશકાળ અનુસાર વસ્ત્ર, આભૂષણ વગેરે પહેરવાં. | પટ્ટિકાવેત્રગણવિકલ્પ =દોરી કે નેતરથી ભરવું. | દેશી ભાષાજ્ઞાન =પ્રાકૃતિક બોલીઓ જાણવી. |
| વાદ્ય વગાડવું. | કર્ણપત્ર ભંગ =કાને પહેરવા માટે કર્ણફૂલ વગેરે આભૂષણ બનાવવાં. | નાટિકાખ્યાયિકા-દર્શન =નાટક જોવું ને બતાવવું. | પુષ્પશકટિનિમિત્તજ્ઞાન =વાદળાં ગાજવાં, વીજળી ચમકવી વગેરે દૈવી લક્ષણ જાણીને આગામી ભાખવી. |
| નૃત્યકરવું. | ગંધયુક્તિ =સુગંધી પદાર્થ બનાવવાં. | તર્કકર્મ =દલાલ કરવી. | યંત્રમાતૃકા |
| નાટય | ઇંદ્રજાલ =જાદુગરીના પ્રયોગો. | તક્ષણ =સુતાર તથા કડિયાનું કામ. | ધારણમાતૃકા =સ્મરણશક્તિ વધારવી. |
| આલેખ્ય | કૌચમારયોગ =કદરૂપાને સુંદર બનાવવું. | વાસ્તુવિદ્યા | પાઠ્ય =કોઇને બોલતું ગાતું સાંભળી તે પ્રમાણે બોલવું ગાવું. |
| વિશેષકચ્છેદ્ય | ભૂષણ યોજના =ઘરેણાં પહેરવાની પદ્ધતિ. | રૂપ્યરત્નપરીક્ષા =સોના, ચાંદી તથા રત્નોની પરીક્ષા. | માની કાવ્યક્રિયા =મનમાં કાવ્ય કરીને શીઘ્ર કહેવું. |
| તંડુલ-કુસુમાવલિ-વિકાર | હસ્તલાઘવ =હાથની ચાલાકી. | ધાતુવાદ =કાચી ધાતુ સાફ કરવી. | ક્રિયાવિકલ્પ =ક્રિયાનો પ્રભાવ બદલવો. |
| પુષ્પાસ્તરણ = ફૂલોની સેજ બનાવવી. | ચિત્રશાકાફૂપભક્ષ્ય વિકાર ક્રિયા =અનેક જાતનાં શાક તથા માલપૂઆ વગેરે ખાવાના પદાર્થ બનાવવા. | મણિરાગજ્ઞાન =રત્નોના રંગ જાણતા. | છલિતકયોગ =છલ કે ધૂર્તતા કરવી. |
| દશનવસનાંગરાગ =દાંત અને અંગોને રંગવાની વિધિ જાણવી. | પાનકસરાગાસવયોજન =અનેક જાતનાં શરબત, અર્ક અને શરાબ વગેરે બનાવવાં. | આકારજ્ઞાન =ખાણની વિદ્યા. | અભિધાન કોષ =છંદોનું જ્ઞાન. |
| મણિભૂમિકાકર્મ = ઋતુને અનુકૂળ ઘર ચણવું. | સૂચીકર્મ =સીવવું. | વૃક્ષાયુર્વેદયોગ =વૃક્ષનું જ્ઞાન, ચિકિત્સા તથા રોપવાની વિધિ. | વસ્ત્રગોપન |
| શયનરચના = પલંગ બિછાવવો. | સૂત્રકર્મ =સીવણકામ. | મેષકુક્કુટલાવકયુદ્ધ વિધિ =મરઘાં, કૂકડાં લાવક વગેરે પક્ષીને લડાવવાની ક્રિયા. | દ્યુતવિશેષ |
| ઉદકવાદ્ય = જલતરંગ બજાવવું. | પ્રહેલિકા =બીજાને બોલતો બંધ કરવા માટે ગૂંચવણ ભરેલા પ્રશ્નો પૂછવા. | શુકસારિકા આલાપન =પોપટ, મેના પઢાવવાં. | આકર્ષણક્રીડા =પાસા વગેરે ફેંકવા. |
| ઉદકઘાત = ગુલાબદાની વાપરવાની વિદ્યા. | પ્રતિમાલા =અંત્યાક્ષરી કહેવી. | ઉત્સાહન =શરીર ચોળવું. | બાળક્રિડા કર્મ =બાળકને રમાડવું. |

https://www.gapbhasha.org/

| | | | |
|---|---|---|---|
| ચિત્રયોગ =અવસ્થા પરિવર્તન કરવી એટલે કે જુવાનને બુઢ્ઢો કે બુઢ્ઢાને જુવાન બનાવવો. | દુર્વાચકયોગ =કઠિન પદો અને શબ્દોના અર્થ કાઢવા. | અક્ષરમુષ્ટિકાકથન =કરપલ્લવી. | વૈનાયકી વિદ્યાજ્ઞાન =વિનય, શિષ્ટાચાર, ઇલ્મ વગેરે કરવા. |
| માલ્યગ્રંથન વિકલ્પ =દેવપૂજાને માટે કે પહેરવાને માટે માળા ગૂંથવી. | પુસ્તકવાચન =સ્પષ્ટ રીતે પુસ્તકનું વાચન કરવું | કેશમાર્જન =કુશળતાથી વાળઓળવા તથા તેલ નાખવું. | વૈજયિકી વિદ્યાજ્ઞાન =જય મેળવવાને માટે જાણવાની ક્રિયા. જેમકે, શિકાર, લશ્કરી તાલીમ વગેર, |
| કેશશેખરાપીડ યોજન=શિખર ઉપર ફૂલોથી અનેક જાતની રચના કરવી કે માથાના વાળમાં ફૂલ લગાવી ગૂંથવું. | કાવ્યસમસ્યાપૂર્તિ =કવિતાની પાદપૂર્તિ કરવી. | મ્લેચ્છિતકલા વિકલ્પ =મ્લેચ્છ અથવા વિદેશી ભાષાઓ જાણવી. | વૈતાલિકી વિદ્યાજ્ઞાન =રાગ, પાદ્ય, પરખ, નાડી, ન્યાય, તરવું, તંતરવું અને ચોરી કરવી. |

Source:https://www.sadhanaweekly.com/Encyc/2018/5/16/64-KALAS-64-ARTS-IN-Gujarati.html

## ૩. ભારતીય જ્ઞાન પ્રણાલી નો ઉદ્દેશ્ય

દૈનિક જીવનમાં ઉપ્રયોગ માં આવતા દરેક પ્રકારના કૌશલ્યને કલા કહેવાય છે આ કલાનો ઉપ્રયોગ કરીને અને તત્વજ્ઞાનના વિચારોને મનમાં રાખીને આપણા જીવનનો વિકાસ કરવાનો, સમૃદ્ધ બનાવવાનો, સોચ વધારવાનો, આદર્શ વધારવાનું, જીવનનો ઉદ્દેશ વધારવાનો અને પૂર્ણ તરીકે થી જીવનનો આનંદ લેવાનો એ ભારતીય જ્ઞાનપરાલીનો મુખ્ય ઉદ્દેશ છે,

## ૪. ભારતીય જ્ઞાન પ્રણાલી નું મહત્વ

- ભારતીય જ્ઞાન પ્રણાલી વિશ્વની સૌથી વિશાળ અને સૌથી પ્રાચીન જ્ઞાન પ્રણાલી છે. વિશ્વની દરેક સમસ્યાનો એકમાત્ર સમાધાન ભારતીય જ્ઞાન પ્રણાલીમાં છે. દરેક ક્ષેત્રમાં ભારતીય જ્ઞાનના વિચારોને સ્વીકારવામાં આવે છે.
- વર્તમાન શિક્ષણ પ્રણાલી એ આપણા યુવાધનને દેશની ઝડો થી કાપી દીધું છે, આપણે આપણા યુવાધનને દેશની ઝડો થી જોડવા માટે ભારતીય જ્ઞાન પ્રણાલી ખૂબ જરૂરી છે.
- ભારતીય જ્ઞાન પ્રણાલી નું કાર્યક્ષેત્ર એટલું વિશાળ છે જેમાં એક કરોડ કરતાં વધારે પાંડુ લીપી ઉપલબ્ધ છે અને જેમાંથી ફક્ત પાંચ ટકાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- ભારતીય જ્ઞાન પ્રણાલી નો અર્થ ફક્ત આધ્યાત્મિક જ્ઞાન, વૈદિક જ્ઞાન, પ્રાચીન ભારતીય વિજ્ઞાન અને ટેકનોલોજી નો અભ્યાસ નથી પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં ભારતીય જ્ઞાન પ્રણાલી જે રીતે મોજુદ હતી અને જે રીતે તેનો પ્રયોગ કરવામાં આવતો હતો તેનો અભ્યાસ છે.
- ભારતીય જ્ઞાન પ્રણાલીમાં જ્ઞાન પાવર નથી, જ્ઞાન પ્યુરીફાઈડ છે જે આપણને શુદ્ધ બનાવે છે.

https://www.gapbhasha.org/

GRAND ACADEMIC PORTAL
RESEARCH JOURNALS
GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

## ૫. ગુરૂકુળ શિક્ષણ પ્રણાલી



Source: https://mypenmyfriend.com/the-gurukul-system/

પ્રાચીન ભારતમાં શિક્ષણની ગુરૂકુળ પ્રણાલી હતી. એક નિશ્ચિત સમય માટે વિદ્યાર્થીને ગુરૂ સાથે રહેવું પડતું હતું. ગુરૂનો આશ્રમ એક પ્રકારનું છાત્રાલય હતું. બધા વિદ્યાર્થી એક સાથે રહેતા હતા. બધાની સાથે એક જેવો વ્યવહાર કરવામાં આવતો હતો. ગુરૂ ગુરૂકુલના પ્રમુખ સ્થાને રહેતા તે બધા વિદ્યાર્થીઓ માટે પિતા સમાન, માતા-પિતા કે વાલી સમાન વ્યવહાર કરતાં હતાં. ગુરૂકુળમાં શિક્ષણ નિ:શુલ્ક હતું પરંતુ ગુરૂકુળને ચલાવા માટે બધાને ભિક્ષા માંગવી પડતી હતી. તેનાથી વિનમ્રતા અને સમાજ પ્રતિ કૃતજ્ઞતા જેવા ગુણોનો વિકાસ થતો હતો. આનાથી જાતિગત પરંપરાને ઓછી કરવામાં મદદ રહેતી કે ગુરૂકુળમાં બધા વિદ્યાર્થીઓને સમાન માનવામાં આવતા હતા.

અધ્યાપન કાર્ય ગુરુ અને શિષ્યના વચ્ચે મૌખિક સંવાદના રૂપમાં હતું જેમાં વધારે પડતા વ્યાખ્યાન, પ્રવચન, વાદ-વિવાદ તથા વિવેચના એજ રોજના, નિત્યક્રીયાના અંગ હતા. ગુરુકુળ શિક્ષણ પ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીને વિવેકાધિકારી બનાવવાનો, આત્મસયમી બનાવવાનો તેના ચારિત્ર્યનો વિકાસ કરવાનો, મૌલિક વ્યક્તિત્વ અને બૌદ્ધિક વિકાસ કરવાનો, આધ્યાત્મિક વિકાસ કરવાનો અને જ્ઞાન અને સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનો છે.

## ૬. નિષ્કર્ષ

આ આપણી પોતાની છે કે બીજા કોઈને આ પ્રકારની વિચારસરણી સંકુચિત માનસિકતા વાળાઓ કરે છે પરંતુ વિશાળ હૃદય વાળા લોકો માટે આખી પૃથ્વી પરિવાર છે.આવા ઉચ વિચાર ભારતીય જ્ઞાન પ્રણાલીમાં જોવા મલે છે.

વિદ્યા શબ્દ સંસ્કૃત ધાતુ "विद्" માંથી ઉત્પન્ન થયો છે, જેનો અર્થ "જાણવું/to know " એવો થાય છે. વેદ (૪) વેદાંગ (૬) ઉપવેદ(૪) આ બધાને સયુંકત રીતે વિદ્યા કે દર્શનશાસ્ત્ર કહેવાય છે.

દૈનિક જીવનમાં ઉપયોગ માં આવતા દરેક પ્રકારના કૌશલ્યને કલા કહેવાય છે આ કલાનો ઉપયોગ કરીને અને તત્વજ્ઞાનના વિચારોને મનમાં રાખીને આપણા જીવનનો વિકાસ કરવાનો, સમૃદ્ધ બનાવવાનો, સોચ વધારવાનો, આદર્શ વધારવાનું, જીવનનો ઉદ્દેશ વધારવાનો અને પૂર્ણ તરીકે થી જીવનનો આનંદ લેવાનો એ ભારતીય જ્ઞાનપરાલીનો મુખ્ય ઉદ્દેશ છે,

https://www.gapbhasha.org/

ભારતીય જ્ઞાન પ્રણાલી વિશ્વની સૌથી વિશાળ અને સૌથી પ્રાચીન જ્ઞાન પ્રણાલી છે. વિશ્વની દરેક સમસ્યાનો એકમાત્ર સમાધાન ભારતીય જ્ઞાન પ્રણાલીમાં છે. ભારતીય જ્ઞાન પ્રણાલીમાં જ્ઞાન પાવર નથી, જ્ઞાન પ્યુરીફાઈડ છે જે આપણને શુદ્ધ બનાવે છે.

## સંદર્ભ સૂચિ

[1] https://mypenmyfriend.com/the-gurukul-system/
[2] https://www.sadhanaweekly.com/Encyc/2018/5/16/64-KALAS-64-ARTS-IN-Gujarati.html
[3] https://harshad30.files.wordpress.com/2015/09/capturekala.jpg
[4] https://www.abtakmedia.com/ancient-india-had-gurukula-system-of-education-gurus-ashram-was-a-kind-of-hostel/
[5] https://www.jagranjosh.com/general-knowledge/how-gurukul-education-system-is-different-from-modern-education-system-in-hindi-1528965949-2
[6] https://ncert.nic.in/del/pdf/Suktisaurabham1.pdf
[7] https://www.sadhanaweekly.com/Encyc/2018/5/16/64-KALAS-64-ARTS-IN-Gujarati.html
[8] https://chhotibadibaatein.com/14-vidya-64-kala/
[9] https://www.hinduparampara.com/2019/02/Most-Auspicious-Leaves.html

https://www.gapbhasha.org/